વિભાગ-૧ નવી બાબત

વિસ્તરણ અને તાલીમના હેડ હેઠળમહિલાઓને
પોરબંદર ખાતેના તાલીમકેન્દ્ર તેમજ ફીશરીઝ
કોલેજ વેરાવળ ખાતે તાલીમ આપવા માટેની
રૂા. ૧૬.૦૦ લાખની નવી બાબતને સને ૨૦૧૨-૧૩
ના વર્ષમાં અમલમાં મુકવા વહીવટી મંજુરી આપવા
બાબત

ગુજરાત સરકાર
કૃષિ અને સહકાર વિભાગ (મત્સ્યોધોગ પ્રભાગ)
ઠરાવ ક્રમાંક- નવભ/૧૩૨૦૧૧/૧૯૧૦/ટ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૮/૦૪/૨૦૧૨

વંચાણે લીધાઃ-

૧. મત્સ્યોધોગ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય , ગાંધીનગર ના પત્ર ક્રમાંકઃ ગુમ/વઅત-૧/ મહિલા તાલીમ/
નવી બાબત/૨૦૧૧-૧૨/૧૪૩૩ તા. ૭/૧૨/૨૦૧૧.

૨. મત્સ્યોધોગ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય , ગાંધીનગર ના પત્ર ક્રમાંકઃ ગુમ/ત-૧/ વ.મં/૨૦૧૧-૧૨/ ૧૪૩૩ તા. ૭/૧૨/૨૦૧૧.

આમુખઃ

મત્સ્યોધોગ વ્યવસાયમાં પુરૂષો મોટાભાગે દરિયામાં કે જળાશયોમાં માછીમારી કરવા માટે જતા હોય છે. જયારે આ સમુદાયની મહિલાઓ મચ્છી એક વખત કિનારે આવ્યા બાદ તેની જાળવણી, સુકવણી અને વેચાણ સુધીની પ્રકિયાના કામમાં રલકાયેલા હોય છે. મત્સ્ય સુકવણીની કામગીરી મોટાભાગે મહિલાઓ દ્રારા થાય છે. રાજયમાં કુલ ૫.૫૯ લાખ જેટલા માછીમારો છે. તે પૈકી મહિલા માછીમારોની સંખ્યા ૨.૭૦ લાખ જેટલી છે. દરિયાઇ વિસ્તારમાં ૬૯,૪૪૮ જેટલી સક્રીય માછીમારો છે.. અને આ માછીમારોની વસ્તી કાંઠા વિસ્તારમાં આવેલ ૧૩ જિલ્લાઓના ૩૮ તાલુકાઓમાં વસે છે. આ કાંઠા વિસ્તારમાં વસતી માછીમાર મહિલાઓ માટેની કઈયાણકારી તથા રોજગારલક્ષી યોજનાઓ પૈકીની એક યોજના તરીકે ૧૮ થી ૪૦ વર્ષની મહિલાઓને માછલીમાંથી બનતી વિવિધ ખાધગૃહ વાનગીઓના કાર્યક્રમ હેઠળની યોજના અમલમાં મુકવાના

હેતુસર વર્ષ- ૨૦૧૨-૧૩ માં નવી યોજના અમલમાં મુકવા માટે સંદર્ભ- ૧ તથા ૨ હેઠળના પત્રોથી મ.ક.શ્રી કચેરી દ્વારા દરખાસ્ત કરેલ છે.

ઠરાવઃ-

મત્સ્યોધોગ કમિશનરશ્રીના સંદર્ભ-૧ તથા ૨ સામે દર્શાવેલ પત્રો થી કરવામાં આવેલ દરખાસ્તને કાળજીપુર્વક ની વિચારણાના ેઅંતે વિસ્તરણ અને તાલીમના હેડ હેઠળ મહિલાઓને પ ોરબંદર ખાતેના તાલીમકેન્દ્ર તેમજ ફીશરીઝ કોલેજ વેરાવળ ખાતે તાલીમ આપવા માટે ૨૦૧૨-૧૩ ના અંદાજપત્ર માં થયેલ રૂા.૧૬.00 લાખની નવી બાબતે સને ૨૦૧૨-૧૩ ના વર્ષમાં અમલમાં મુકવા નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૨. સને ૨૦૧૨-૧૩ ના વર્ષમાં અંદાજપત્રમાં નવી બાબતની કરવામાં આવેલ જોગવાઇની વહીવટી મંજુરી આપવા અંગેની શરતો ઃ-

૧. નાણાકીય ઔચિત્યના નિયમો ધ્યાનમાં રાખીને તેમના હસ્તક મુકવામાં આવેલી ગ્રાંન્ટ જે હેતુ માટે તેની જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટેજ અને થયેલ જોગવાઇની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
૨. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પધ્ધતીથી કરવાનું રહેશે .
૩. યોજના હેઠળ કરવામાં આવેલ શરતો અને બોલીઓ મુજબ યોજનાનો અમલ કરવાનો રહેશે. (મ.ક.શ્રી ગાંધીનગરના સંદર્ભ- ૧ હેઠળના પત્ર સાથે સામેલ બોલીહો અને શરતો મુજબ અમલ કરવાનો રહેશે.
૪. સહાયકી યોજનાઓ અંગે લાભાર્થીઓ પાસે નિયત નમુનામાં અરજીઓ મેળવવાની અને અરજીઓની મંજુરીની કાર્યવાહી અરજીની મંજુરી અંગે સંબંધિત અરજદારને લેખીત જાણ કરવાની અને ત્યારબાદ જ સહાયની કાર્યવાહી થાય તે જોવાનું રહેશે.
૫. સહાયકી યોજનાઓના અમલીકરણ અંગે અરજીઓ નોંધણી , અરજદારના નામ, સરનામા કરેલ સહાયની વિગતો વિગેરે માહીતી દર્શાવતા યોજનાવાર રજિસ્ટર નિભાવવાના રહેશે.
૬. આ મંજુરી અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુ સાર કરવાની રહેશે.
૭. મત્સ્યોધોગ કમિશ્જરશ્રી, ગાંધીનગર દ્વારા યોજના હેઠળની બોલીઓ અને શરતોમાં મોનીટરીંગ ની વ્યવસ્થા ઉભી કરવા, રેન્ડમ ચેકીંગ મત્સ્યોધોગ કમિશ્નરશ્રીની કક્ષાએથી તથા વિભાગ કક્ષાએથી થાય તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
૮. મત્સ્યોધોગ કમિશ્નરશ્રી, ગાંધીનગર દ્વારા યોજના હેઠળ સહાય મંજુર કરવામાં પારદર્શીતા રહે તેવી રીતે બોલીઓ અને શરતો નકકી કરવાની રહેશે.
૯. યોજના હેઠળની બચત વર્ષના અંતે સરકારશ્રીમાં સુપ્રત કરવાની રહેશે.

૩. આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૦૦૬ |
| સેકટર | : | (ગ) આર્થિક સેવાઓ |
| સબ સેકટર | : | (ક) કૃષિ અને સંલગ્ન સેવાઓ |
| મુખ્ય સદર | : | ૨૪૦૫-મત્સ્યોદ્યોગ |
| ગૌણ સદર | : | ૧૦૯-વિસ્તરણ અને તાલીમ |
| પેટા સદર | : | (૦૧) પ્રચાર અને વિસ્તરણ કાર્યક્રમ સંગીન બનાવવો |
| બાબત. | : | માછીમાર મહિલાઓને માછલીમાંથી બનતી વિવિધ ખાધ વાનગીઓ જેવી કે અથાણુ, વેફર , ગાંઠીયા , પાપડ વગેરે બનાવવા માટેની તાલીમ આપવા બાબત |

૪. આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઇલ પર નાણા વીચાગની તા. ૨૦/૪/૨૦૧૨ ના રોજ તથા સચિવશ્રીની તા. ૨૧/૪/૨૦૧૨ ની નોંધ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(જે.આર. ત્રિવેદી)
ઉપસચિવ,
કૃષિ અને સહકાર વિભાગ( મત્સ્યોધોગ પ્રભાગ)

પ્રતિ,

૧. મત્સ્યોધોગ કમિશનરશ્રી, ગુજરાત રાજય ગાંધીનગર
૨. મહાલેખાકારશ્રી, (ઓડીટ) (એ.એન્ડ ઇ.)અમદાવાદ/રાજકોટ
૩. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
૪. નિવાસી તપાસણી અધિકારી શ્રી, ગાંધીનગર
૫. કૃષિ અને સહકાર વિભાગ (ઝ શાખા) સચિવાલય, ગાંધીનગર
૬. સીલેકટ ફાઇલ

નકલ સવિનય રવાના પ્રતિઃ

૧. માન.મંત્રીશ્રી,પશુપાલન,ગૌસંવર્ધન અને મત્સ્યોધોગ , સચિવાલય, ગાંધીનગર
૨. માન. રા.ક.મંત્રીશ્રી, પશુપાલન,ગૌસંવર્ધન અને મત્સ્યોધોગ , સચિવાલય, ગાંધીનગર
૩. અગ્રસચિવશ્રી(અર્ચ) નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪.નાણાસલાહકારશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**<u>આ યોજના તળે નીચે મુજબની બોલીઓ અને શરતો રહેશે</u>.**

(૧) આ સહાયની રકમ નિયમોનુસાર સરકારશ્રીની પધ્ધતિ મુજબ આપવામાં આવશે .

(૨) આ અંગેની તાલીમ પોરબંદર, તેમજ ફીશરીઝ કોલેજ, વેરાવળ ખાતે મેળવવાની રહેશે

(૩) ૧૮ થી ૪૦ વર્ષની ઉમર વાળી મહિલાઓને આ તાલીમ આપવાની રહેશે

(૪) આ અંગેનું તાલીમનું રજીસ્ટર નિભાવવાનું રહેશે .

(૫) આ માટે *૧૦ મહિલાઓને સમાવેશ કરતો એક એવા જુથ એવા* ૨૦ મહિલા જુથો બનાવવાનું રહેશે

(૬) લાભાર્થી મહિલા મત્સ્ય ના વ્યવસાયમાં સાથે સંકળાયેલી હોવી જોઇએ.

(૭) આ યોજનાનો લાભ મહિલા દીઠ એકજ વખત મળવાપાત્ર થશે.

(૮) આ અંગેની તાલીમ મેળવ્યા બાદ *૧૦ મહિલાઓને સમાવેશ કરતો એક એવા જુથ એવા* ૨૦ મહિલાઓનું જુથ ખાધગૃહ વાનગીઓને કાર્યક્રમ કરવાનો રહેશે . તેમજ તાલીમના અંતે તાલીમ લીધા અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(૯) સ્વઃ સહાય જુથનો સરકાર માન્ય સંસ્થાનો રજિસ્ટેશન નંબર મેળવવાનો રહેશે.

માછીમાર મહિલાઓને માછલીમાંથી બનતી વિવિધ ખાધ વાનગીઓ જેવી  કે, અથાણું, વેફર,ગાંઠીયા, પાપડ,કટલેસ  વગેરે બનાવવા માટેની તાલીમ લેવા અંગેની અરજી નો નમુનો

| |
|---|
| તાલીમ લેવા માંગતી માછીમાર મહિલાનો ફોટો |

પ્રતિ,

---------------------------

--------------------------

----------------------------

વિષય- તાલીમ મેળવવા બાબત

શ્રીમાન,

(૧) તાલીમ મેળવવા માંગતી માછીમાર મહિલાનું નામ-

(૨)  રહેઠાણ/ સરનામુ-

(૩) માછીમાર હોવા અંગેનો દાખલો -

(૪)માછીમાર મહિલાની ઉંમર-

( આ અંગેનો પુરાવો આપવાનો રહેશે)

(૫)મત્સ્ય વેચાણ કરતી હોય તો લાયસન્સ નો પુરાવો

આપની વિશ્વાસુ

સ્થળ -

તારીખ-

સહી

માછીમાર મહિલાઓને માછલીમાંથી બનતી વિવિધ ખાધ વાનગીઓ જેવી  કે, અથાણું, વેફર,ગાંઠીયા, પાપડ,કટલેસ  વિગેરેનો ઉધોગ શરૂ કરવા માટેની સહાયની અરજીનો નમુનો

પ્રતિ,

---------------------------

--------------------------

----------------------------

વિષય- મત્સ્યમાંથી બનતી ખાધ ગૃહ વાનગીઓના ઉધોગ શરૂ કરવા બાબત

શ્રીમાન,

(૧) સ્વઃ સહાય જુથનું નામ-

(૨) સ્વઃ સહાય જુથનો સરકાર માન્ય સંસ્થાનો  રજિસ્ટેશન નંબર-

(૩) સ્વઃ સહાય જુથમાં તાલીમ લીધેલ માછીમાર બહેનોની સંખ્યા -

(૪) મત્સ્યોધોગ ખાતા તરફથી મેળવેલ આ અંગેની તાલીમ પ્રમાણપત્રનો નમુનો રજુ કરવો

(૫) મત્સ્યમાંથી ખાધવાનગીઓ બનાવવા માંગતા હોય તેની વિગત

(૬) મત્સ્ય ખાધ વાનગીઓનું વેચાણ સ્થળનું નામ/જગ્યા

(૭) સહાયની રકમ

સ્થળ                                                                 આપની વિશ્વાસુ

તારીખ

સ્વસહાય જુથની સહી